# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/ક્વા-૨/૧૯-૨૦/૫૬૪૪–૮** **તા.૨૭–૦૮–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૫/ક્વા-૨/૧૯ ૨૦

અરજદાર: **ધનાણી વર્ષાબેન મહેશભાઈ** ગામ: **કતારગામ, સુરત**

રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે ધનાણી મહેશભાઈ વનમાળીભાઈ હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ગ્રામ્ય-૨ જુનાગઢ**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી પી. પી. વોરા પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ગ્રામ્ય-૨ જુનાગઢ**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૨૦-૦૮-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦-૦૮-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ બંને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ધનાણી વર્ષાબેન મહેશભાઈ ગામ -કતારગામ, તેઓની અરજીના નોંધણી નં: ૨૫/ક્વા-૨/૧૯ ૨૦, માં જણાવે છે કે,** તેઓ પાટરામા ગામે બીન ખેતી થયેલ જમીન માં જેજીવાય પાવર માટે એસ.આર. નં.–૧૧૯૫૮૭૯૩ થી રૂ.૨૦,૪૭,૦૪૯/– નુ ભાવપત્રક આપેલ છે, જે ભરપાઈ કરવા તૈયાર નથી. અરજદારે જેજીવાય ફીડરમાથી જીજીઆરસી ના નિયમ મુજબ – ફીકસ કોસ્ટ મુજબ નુ ભાવપત્રક આપવા વિનંતી કરેલ છે. જે બાબતે તા.૦૪–૦૭–૧૯ થી મેંદરડા પેટા વિભાગીય કચેરીમાં અરજી આપેલ છે, **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર **શ્રીમતી વર્ષાબેન મહેશભાઇ ધાનાણી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, પીજીવીસીએલ, રાજકોટ સમક્ષ કરેલ રજૂઆત** અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી નીચે મુજબ ની રજુઆત કરેલ છે.

3.૧ **૧) અગાઉ ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ સમક્ષ અરજદાર શ્રીમતી વર્ષાબેન મહેશભાઇ ધાનાણી ની રજૂઆત કેસ ન.**

96/2018 અનુસંધાને તારીખ 29/12/2018 ના રોજ હુકમ કરવામાં આવેલ તે મુજબ અરજદાર દ્વારા મેંદરડા પેટા વિભાગીય કચેરીએ ૧૦ કેડબલ્યુ લોડ ની અરજી નોંધણી કરાવતા મેંદરડા પેટા વિભાગીય કચેરી દ્વારા નિયમોનુષાર સ્થળ ઉપર મોજણી કર્યા બાદ જીઇઆરસી સપ્લાય કોડ ક્લોજ નંબર ૪.૧ મુજબ નજીક ના ૧૧ કેવી પાટારામાં એજી ફિડર માથી ભાવપત્રક રકમ રૂ. ૨૫૫૯૪/- તારીખ ૨૭/૦૫/૨૦૧૯ ના રોજ આપવા માં આવેલ હતું.

૨) સદર ભાવપત્રક ની સામે અરજદાર દ્વારા તારીખ 28/05/2019 ના રોજ મેંદરડા પેટા વિભાગીય કચેરી એ અરજી આપીને જણાવેલ છે કે તેમને આ વીજ જોડાણ બિનખેતી કોમર્સિયલ જોડાણ ની માંગણી હોવાથી ખેતીવાડી ફિડરને બદલે જેજીવાય ફિડર માથી જોઇયે છે તેવી રજૂઆત કરેલ છે. જેથી અરજદાર ના સ્થાપન માટે 11 કેવી પીઠડઆઈ જેજીવાય ફિડર માથી મોજણી કરીને દરખાસ્ત ઇ-ઉર્જા સિસ્ટમ માં જરૂરી નકશો, શોર્ટ હિસ્ટરી, તથા ડૉક્યુમેન્ટ સાથે કરતાં ડીઓપી મુજબ સદર દરખાસ્ત કોર્પોરેટ લેવેલેથી તારીખ ૧૫/૦૬/૨૦૧૯ ના રોજ મંજૂર કરવામાં આવેલ. વીજ કંપની ના નિયમ અનુસાર તેમજ એપ્રુવલ ની શરતોને આધીન અરજદાર ને મેંદરડા પેટા વિભાગીય કચેરી દ્વારા તારીખ ૧૭/૦૬/૨૦૧૯ ના રોજ ભાવપત્રક રકમ રૂ. ૨૦૪૭૦૪૯/- નું આપવામાં આવેલ.

૩) અરજદાર ને આપવામાં આવેલ ભાવપત્રક સામે અરજદાર દ્વારા નાયબ ઇજનેર, મેંદરડા ને તારીખ ૦૪/૦૭/૨૦૧૯ ના રોજ રૂબરૂ લેખિત માં વાંધા અરજી આપવામાં આવેલ.

૪) સદર વાંધા અરજી નો પ્રત્યુતર નાયબ ઇજનેર, મેંદરડા દ્વારા પત્ર નંબર એમએસડી/ટેક/૪૦૯૯ થી તારીખ ૦૬/૦૭/૨૦૧૯ ના રોજ રજીસ્ટર એડી થી આપેલ છે.

૫) સદર ભાવપત્રક એસઆર નંબર ૧૧૯૫૮૭૯૩ ને ભરવા ની છેલ્લી તારીખ ૧૫/૦૭/૨૦૧૯ હતી જે સમય મર્યાદા માં અરજદારે ભરપાઈ કરેલ નથી.

૬) આ પ્રકારના કેશ બાબતની રજૂઆત સંદર્ભે અગાઉ સીજીઆરએફ, પીજીવીસીએલ, રાજકોટ દ્વારા કેશ નંબર ૭૨/કવા-૦૪/૧૭-૧૮ ના તારીખ ૨૯/૦૫/૨૦૧૮ ના રોજ કરવા માં આવેલ ચુકાદા ની નકલ રજુ કરેલ છે.

૭) તેમજ આ પ્રકાર ના કેશ બાબત ની રજૂઆત સામે માનનીય વિદ્યુત લોકપાલ ના ઓર્ડર નંબર ઓબડ્સમેન/ઓર્ડર/કેશ ન ૫૫/૨૦૧૮/૨૪૭ તારીખ ૨૪/૦૮/૨૦૧૮ ની નકલ રજુ કરેલ છે.

૮) પીજીવીસીએલ/ટેક.૧/૬૧૮૮ તારીખ ૨૨/૦૭/૨૦૧૯ કે જેમાં અરજદાર ને આપવા માં આવેલ ભાવપત્રક અંગે ની સ્પષ્ટતા ગુજરાત ઉર્જા વિકાશ નિગમ લિમિટેડ ને કરવામાં આવેલ છે જેની નકલ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી વર્ષાબેન મહેશભાઇ ધાનાણી દ્વારા થી ફેઇઝ વાણીજય હેતુ માટેના ૧૦ કીવો ના વીજજોડાણ મેળવવા માટે તા.૨૪–૦૫–૧૯ થી અરજીની નોંધણી કરાવેલ છે. જે અન્વયે પીજીવીસીએલ દ્વારા તા.૨૪–૦૫–૧૯ ના રોજ રૂ.૨૫,૫૯૪/– (ફીકસડ ચાર્જ – રૂ.૧૨,૦૦૦/– + સીકયોરીટી ડિપોઝીટ રૂ.૧૩,૫૯૪/–) ના ભાવપત્રકમાં ૧૧ કેવી પાટરામા ખેતીવાડી ફીડરમાથી વીજજોડાણ આપવામાં આવશે, તેવી નોંધણી કરેલ છે, જે અરજદાર ને તા. તા.૨૭–૦૫–૧૯ ના રોજ રૂબરૂમા નકલ આપેલ છે. સદર ભાવપત્રક ભરપાઈ કરવાની છેલ્લી તા.૨૪–૦૬–૧૯ હતી.

૪.૨ ઉપરોકત મુદદા નં. ૪.૧ ના અનુસંધાને – અરજદાર દ્વારા લેખીતમાં તા.૦૪–૦૭–૧૯ થી પેટા વિભાગીય કચેરી મેદરડા ને જણાવેલ – તે મુજબ તેઓની માંગણીનુ નવુ વીજજોડાણ નામદાર જીઈઆરસી અને જીયુવીએનએલ હેઠળ ની તમામ કંપનીમાં બીનખેતી કરાવેલ જમીનમાં ફીકસચાર્જ મુજબ – ભાવપત્રક આપવા રજુઆત કરેલ છે. જે અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૬–૦૭–૧૯ ના પત્ર થી અરજદાર ને

જણાવેલ કે – સ્થળ પર **કરાયેલ** મોજણી દરમ્યાન અકસ્માત ના નિરાકરણ માટે ઉભી કરવાની થતી ઈન્ફ્રાસ્ટ્રકચર લાઈન ની દરખાસ્ત અન્વયે નિયમાધીન પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ ૨૭૧૯ તા.૩૦–૦૧–૧૭ અને CEA રેગ્યુલેશન – ૨૦૧૦ ના નિયમોને આધિન સક્ષમ કચેરીની મંજુરી મેળવીને ભાવપત્રક

યુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ, સદર કેઈસ મા તે મુજબ ની જાણકારી, બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

૪.૩

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે –

ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

ની વિગતેની કાર્યવાહી કરવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯